## વાટેઘાટે

■ જ્યોત્સ્ના ગજ્જર

### જળનાં જતન કરવાના સ્થાને કરોડો ગેલન પાણીનો વધતો જતો દુરુપયોગ

પાણી વ્યવસ્થાપનનું આધુનિક વિજ્ઞાન ખૂબ જ વિકસિત થયું હોવાથી પાણીની કારમી અછત અને દુષ્કાળનો સફળતાથી સામનો થઈ શકે છે, પરંતુ પ્રાચીન જમાનામાં વરસાદના અભાવે જળ પ્લાવિત વિસ્તારો સુકાઈ જતાં કૂવાનાં તળિયાં દેખાતાં, દુષ્કાળનાં ડાકલાં વાગતાં ત્યારે કોઠાસૂઝ અને મૌલિક વિદ્યાનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી કલાત્મક વાવ પાણી પૂરું પાડતી. કલાત્મકતાના સ્મારક સમી હજારો કલાકના માનવશ્રમ પછી તૈયાર થયેલી વાવો ખંડેર બની ગઈ છે. અડાલજની વાવ હોય કે પછી પાટણની રાણકી વાવ. પ્રાચીન જમાનામાં લોકો જળના જતન માટે કેટલા જાગૃત હતા એનો પુરાવો આપે છે. અસામાન્ય સંજોગોમાં પણ વાવનાં પાણી ક્યારેય ખૂટતાં નહીં. દુષ્કાળમાં તળાવોને તડ પડ્યાં હોય કે કૂવાઓ ડૂકી ગયા હોય ત્યારે વાવનાં પાણી જ રૈયત માટે તારણહાર બનતાં. આપણાં પ્રાચીન લોકગીતોમાં પણ વાવના ઉલ્લેખ મળે છે.

આપણા પૂર્વજ તળાવ અને વાવમાં પાણીનો સંગ્રહ થાય તેનું ખાસ ધ્યાન રાખતા. ઓછું ભણેલાને લગભગ તો અભણ એવા માનવીઓ જળ કટોકટીનો સામનો કરવાનું આયોજન કરતા તે કાબિલેદાદ હતું. આજે વરસાદ પડે ત્યારે લાખો કરોડો ક્યુસેક પાણી નદી નાળામાં વહી જાય છે, તેમ છતાં કોઈનું રૂંવાડુંય ફરકતું નથી. સૈકાઓથી કુદરતી પરિબળો સામે ઝીંક ઝીલનાર કચ્છ પ્રદેશમાં જેસલ નામનો લૂંટારો થઈ ગયો હોવાની કથા પ્રચલિત છે. સતી તોરલના પ્રભાવમાં આવીને સંત બનેલા જેસલે તેણે કરેલાં અનેક પાપોનો પસ્તાવો કર્યો, જેમાં એક પાપ સરોવરની પાળ તોડવાનું પણ હતું. પહેલાંનો જમાનો કુદરતી સંસાધનો અને સાર્વજનિક ઉપયોગમાં આવતી સગવડના જતન માટે સંવર્ધન માટે કેટલો એડવાન્સ છે, તે આના પરથી સાબિત થાય છે. તળાવની પાળ તોડવી એ ગંભીરમાં ગંભીર ગુનો ગણાતો. આજે પોતાની જાતને આધુનિક સમજતા લોકો કરોડો ગેલન પાણી નાહવા અને હાથ પગ ધોવા પાછળ વેડફી નાખે છે. નવાઈની વાત તો એ છે કે જેના ઘરે સ્નાન કરવાના હોજ હોય કે શાવર હોય એ સુધરેલા માણસમાં ખપે છે.

### બુબવાણા ગામની બહેનો ભણાવે છે સ્વચ્છતાના પાઠ. સફાઈકામ ઘરનો ઉંબરો ઓળંગીને ગામના પાદર સુધી પહોંચ્યું

રવિવાર એટલે મુક્તિ અને મોજ - મજાનો દિવસ. સરકારી કાર્યાલયોની સાથે સાથે ખાનગી નોકરીઓ અને વેપાર ધંધાવાળા પણ રજા માણવા લાગ્યા છે. અંગ્રેજોએ આપેલી રવિવારી રજાની ભેટે એવો ભરડો લીધો છે કે લોકો રવિવારને તહેવાર સમજીને મોજમજાના પ્લાનિંગ કરતા હોય છે. સિનેમાગૃહો, રેસ્ટોરન્ટ અને ફાસ્ટફૂડનાં સ્થળો પર એટલી બધી ભીડ રહે છે કે જાણે રવિવાર હાથમાં આવ્યો છે કે આવવાનો છે, પરંતુ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના બુબવાણા ગામની બહેનો દર રવિવારે આખા ગામની સફાઈ કરીને રવિવારને અનોખી રીતે ઉજવે છે. 'જા રજા ને કર મજા'ના સ્વચ્છંદી વિચારો ધરાવતા સ્વકેન્દ્રી લોકોની આંખ ઉઘડે તેવું સમાજસેવાનું કામ છેલ્લા બે વર્ષથી શરૂ થયું છે. બપોરે – બે થી ચાર વાગ્યાના ગાળામાં ગામની બહેનો સાવરણા તથા સફાઈનાં સાધનો લઈને ગામની શેરીઓમાં નીકળી પડે છે. ગામનું પાદર, જાહેર રસ્તાઓ અને ગ્રામ પંચાયતની સફાઈ કરવા માટે વસંતીબહેન, લીલીબહેન અને મણિબહેન જેવી મહિલાઓએ આગેવાની લીધી છે. ગામડાંઓ ઉકરડા અને ગંદકીનો પર્યાય બની ગયાં છે, ત્યારે બુબવાણા ગામની મહિલાઓએ ઘરનો ઉંબરો ઓળંગીને સફાઈ અભિયાન ગામના પાદર સુધી પહોંચાડ્યું છે. રવિવારે સપ્તાહનો થાક ઉતારવો કે ઊંઘવાની અદામાં ટી. વી. - શૉ માણ્યા કરવાનો શોખ પાળવો સહેલો છે, પરંતુ ગામને દર રવિવારે વાળીઝૂડીને સાફ કરવું એ સામાન્ય વાત નથી. બહેનોના જણાવ્યા અનુસાર ૨૦૦૦ની વસ્તી ધરાવતા ગામમાં જાહેર રસ્તાઓ પર પાણી ઢળતું હોવાથી ગંદકીનું પ્રમાણ ખૂબ જ હતું. માખી મચ્છરનો ઉપદ્રવ વધવાથી ગામમાં ગંદવાડ પણ વધુ રહેતો. આજે સફાઈ થવાથી સ્વચ્છતા વધવાથી ગામમાં રોગોનું પ્રમાણ ઘટ્યું છે. વૉટર ઍન્ડ સેનિટેશન મૅનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન 'વાસ્મો' દ્વારા ગામમાં સ્વચ્છતાનું જે મહત્ત્વ સમજાવવામાં આવ્યું એ કાર્યક્રમ અંતર્ગત ગામની બહેનો સફાઈનું મહત્ત્વ સમજવા લાગી છે. રવિવારને નાનકડા ગામની મહિલાઓ અનોખી રીતે માણે છે. શરૂઆતમાં ગ્રામસફાઈના કામમાં પુરુષોનો સાથ સહકાર ઓછો મળતો હતો. હવે પુરુષો પણ ઉત્સાહથી જોડાય છે.

### માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વધારવા માટે ગાંઠના ખર્ચે વેબસાઈટ ચલાવતો યુવાન

ફિલ્મ અને મ્યુઝિકના જમાનામાં યુવાપેઢીનું ઘટતું જતું સાહિત્યનું વાચન ચિંતાનો વિષય છે, પરંતુ શબ્દ સાથેનો સથવારો કમ્પ્યૂટર - ઈન્ટરનેટ દ્વારા પણ મેળવી શકાય છે. સમયના અભાવે ગુજરાતી સાહિત્યનાં પુસ્તકો અંગે કશી જ ખબર પડતી નથી એવી ફરિયાદ કરનારા દેશી વિદેશી ગુજરાતીઓની વાચનભૂખ જગાડવા માટે ગુજરાતી ભાષામાં વેબસાઈટ શરૂ થઈ છે. વડોદરાના મૃગેશ શાહ નામના સેવાભાવી યુવાને વેબસાઈટમાં સમાજના દરેક વર્ગને પોતાની પસંદગીનું કંઈક ને કંઈક મળી રહે તેની કાળજી રાખી છે. વડોદરામાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્સી ઑફ ઈન્ડિયામાં વિઝિટિંગ ફૅકલ્ટી તરીકે ફરજ બજાવતા મૃગેશ શાહને ગુજરાતી પ્રત્યે ખૂબ જ આકર્ષણ છે. એક વિદ્યાર્થીએ જૂના સોફ્ટવેરની ગુજરાતી સાહિત્યની ચોપડી સાથે સરખામણી કરતાં કહ્યું કે જૂના સોફ્ટવેર વાપરવા એટલે ગુજરાતી સાહિત્યની ચોપડી લઈને વાંચવા બેસવું. માતૃભાષાની મજાકથી મૃગેશભાઈને ખોટું લાગ્યું ને માતૃભાષાને વાંચતા કરવા માટે વેબસાઈટ શરૂ કરી. અત્યાર સુધીમાં ૪૨ હજારથી પણ વધુ વાચકોએ વેબસાઈટની મુલાકાત લીધી છે. વેબસાઈટમાં સુવિચાર, જોક્સ, સાહિત્ય સમાચાર, ગઝલ, કવિતા, નિબંધલેખો, ચિંતનાત્મક લેખો તથા ગુજરાતી વાર્તાઓ વધુ વંચાય છે એટલું જ નહીં, માતૃભાષા પ્રત્યે અનહદ પ્રેમ ધરાવતા મૃગેશભાઈ વેબસાઈટ ચલાવવાનો ખર્ચ પણ પોતાના ખિસ્સામાંથી કાઢે છે. રોજ સવારે ૭ વાગે વેબસાઈટની કાળજી લઈને અપલોડ કરે છે. એક પુસ્તક, એક લેખ અને એક લેખકને છ મહિના સુધી પુનરાવર્તિત કરતા નથી. ટેક્નોલૉજીનો ઉપયોગ માતૃભાષાના પ્રચાર - પ્રસારમાં કરનાર મૃગેશભાઈ અભિનંદનના અધિકારી છે. યુકેન, યુગોસ્લાવિયા, ઓમાન, કુવૈત, ઑસ્ટ્રેલિયા, અમેરિકા, ઈંગ્લૅન્ડ જેવા અનેક દેશોના ગુજરાતીઓએ વેબસાઈટને વધાવી લીધી છે.